# રવિવારે રજાની માંગ સાથે કલેક્ટરાયનો ઘેરાવ

**બીજા** શનિવારે રજા હોવા છતાં એમ્બ્રોઈડરી-વિવિંગ કારીગરોએ કચેરીને ઘેરી

**પોલીસની** 150-200ની મંજૂરી સામે દોઢ હજારનું ટોળું ઉમટ્યું



સુરતઃ એમ્બ્રોઇડરી અને વિવિંગ સહિત ટેક્સટાઇલ ઉદ્યોગમાં કામ કરતા શ્રમિકો રવિવારે ફરજિયાત સાપ્તાહિક રજા, આઠ કલાકની શિફ્ટ, પૂરા વેતન સાથે રજા, ગ્રેજ્યુઇટી, પીએફ અને દિવાળી બોનસ સહિતના કાયદેસરના હકોની માંગ સાથે આજે શનિવારે મોટી સંખ્યામાં શ્રમિકો કલેક્ટર કચેરીએ ધસી આવ્યા હતા. પોલીસ દ્વારા માત્ર 150થી 200 શ્રમિકોની હાજરી માટે મંજૂરી આપવામાં આવી હોવા છતાં અંદાજે 1200થી 1500 જેટલા શ્રમિકો એકઠા થતાં કલેક્ટર કચેરી પરિસરમાં ભારે હંગામો અને તંગદિલી સર્જાઈ હતી. જંતર મંતરની જેમ અડિંગો જમાવી દિવસો ધરણા કરવાના ઈરાદે આવેલા કારીગરોને સમજાવતા પોલીસ અને તંત્રને કલાકો લાગ્યા હતા.

શ્રમિકોના મોરચાને લઈને પોલીસે 150થી 200 લોકોની મંજૂરી આપી હતી. જોકે, શહેરના વિવિધ ઔદ્યોગિક વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં શ્રમિકો એકત્ર થતાં આ સંખ્યા અનેક ગણી વધી ગઈ હતી. અંદાજે 1200થી 1500 શ્રમિકો કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. પરિસ્થિતિને કાબૂમાં રાખવા પોલીસનો મોટો બંદોબસ્ત ગોઠવાયો હતો.

પ્રદર્શન દરમિયાન કેટલાક શ્રમિકોએ પોલીસના વર્તન અંગે પણ આક્ષેપો કર્યા હતા. એક શ્રમિકે પોલીસ દ્વારા ફોટા પાડીને ધમકી આપવાનો આક્ષેપ કરતાં વાતાવરણ વધુ ગરમાયું હતું. દરમિયાન DCP નકુમે હાથમાં દંડો લઈને શ્રમિકોને ચેતવણી આપી હતી કે પરિસ્થિતિ વધુ વણસશે તો ઘર્ષણ અને FIR જેવી કાર્યવાહી થઈ શકે છે. અંતે શ્રમિક આગેવાનો તથા પોલીસ-અધિકારીઓની સમજાવટ બાદ ટોળું પરત ફર્યું હતું. શ્રમિક અરવિંદ રાજ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, “અમે રોજ 12-12 કલાક કામ કરીએ છીએ. રવિવારે રજા મળવી જોઈએ.

### સમસ્યાનો ઉકેલ નહીં આવે તો ધરણાંની ચીમકી

કારીગરોના જણાવ્યા મુજબ, આ સમસ્યા નવી નથી. અગાઉ પણ સંબંધિત તંત્ર સમક્ષ અનેક વખત રજૂઆતો કરી કાયદેસરના લાભો અપાવવાની માંગ કરવામાં આવી હતી. તેમ છતાં આજદિન સુધી કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. વારંવાર રજૂઆત કરવા છતાં કાર્યવાહી નહીં થતાં કારીગરોમાં અસંતોષ વધી રહ્યો હોવાનું યુનિયનના આગેવાનોનું કહેવું છે. મોરચામાં જોડાયેલા કારીગરોએ જણાવ્યું હતું કે તેઓ લાંબા સમયથી વિવિધ ઉદ્યોગોમાં મહેનત કરી રહ્યા છે, પરંતુ કામના કલાકો, સાપ્તાહિક રજા તેમજ પીએફ અને ગ્રેજ્યુઇટી જેવા મૂળભૂત કાયદેસરના હકો બાબતે હજુ પણ પ્રશ્નો યથાવત્ છે. તેથી માત્ર આશ્વાસન નહીં પરંતુ કાયદાની જોગવાઈઓનો વાસ્તવિક અમલ થાય તેવી માંગ કરવામાં આવી હતી.

### કામદારોની મુખ્ય માંગણી

- રવિવારે ફરજિયાત સાપ્તાહિક રજા
- આઠ કલાકની શિફ્ટ
- પૂરા વેતન સાથે રજા
- ગ્રેજ્યુઇટી, પીએફ અને દિવાળી બોનસ

## પર્યુષણનો છઠ્ઠો દિવસ ભગવાનને આંગીનો દિવસ છે




સુરત : પર્યુષણ પર્વના છઠ્ઠા દિવસની વિશેષતા એ છે કે આ દિવસે જૈન દેરાસરોમાં તીર્થંકર ભગવાનને ખૂબ જ મનોહર અને ભવ્ય આંગી (શણગાર) કરવામાં આવે છે. શ્રાવકો અને શ્રાવિકાઓ દ્વારા વિશેષ ઉપવાસ, આયંબિલ, જપ, ધ્યાન અને પ્રતિક્રમણ કરવામાં આવે છે. આ દિવસ મનને બાહ્ય વિષયોમાંથી હટાવીને આત્માની નજીક લઈ જવાનો અને ક્ષમાભાવ કેળવવાનો અવસર છે.

## સંક્ષિપ્ત સમાચાર

### નવચેતન વિદ્યાલયના પ્રાથમિક વિભાગમાં ‘દાદા-દાદી દિવસ’ની ઉજવણી



સુરત : હજીરા નજીક જૂનાગામમાં આવેલી નવચેતન અદાણી વિદ્યાલયના પ્રાથમિક વિભાગ (ધોરણ ૬ થી ૮) દ્વારા વિદ્યાર્થીઓના દાદા-દાદી અને નાના-નાની માટે ‘સ્નેહ સંમેલન’ યોજાયું હતું. આ કાર્યક્રમમાં આશરે ૬૫ જેટલા વડીલોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શાળા પરિવારે તમામ વડીલોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. વિદ્યાર્થીઓએ પોતાના દાદા-દાદી અને નાના-નાનીને જાતે બનાવેલા ગ્રીટિંગ કાર્ડ તેમજ પુષ્પગુચ્છ આપ્યા હતા અને તેમના આશીર્વાદ લીધા હતા. બાળકોએ વડીલોનું પૂજન કરીને તેમની સાથે વધુ સમય વિતાવવાનો સંકલ્પ પણ કર્યો હતો.

### સુરતની સંસ્કૃત પાઠશાળાના પાર્થ ભટ્ટ રાજ્ય કક્ષાએ પ્રથમ



સુરત : શ્રાવણ મહિનાના પવિત્ર માસમાં ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા વડનગરમાં આયોજિત શ્રાવણોત્સવ રાજ્યસ્તરીય સ્પર્ધા અંતર્ગત શ્રી શિવ મહિમ્ન સ્તોત્રની સ્પર્ધામાં સુરતની જાણીતી શ્રી શાંડિલ્ય ઋષિ વેદ સંસ્કૃત પાઠશાળા ના વિદ્યાર્થી પાર્થ નિલેશભાઈ ભટ્ટે પ્રથમ ક્રમાંક મેળવી પાઠશાળા તથા સુરત શહેરનું ગૌરવ વધારેલ છે.

### જીવનભારતી મંડળ સંચાલિત મો વ. બુનકી બાળભવનનું ગૌરવ



દીન દયાળ સ્મૃતિ ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી ડી.આર. રાણા વિદ્યા સંકુલ શ્રી કાશીરામ રાણાની 14મી પુણ્યતિથિ નિમિત્તે આંતર શાળા સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું એમાં સિનિયર કે. જી.ની વિદ્યાર્થીની વેદિકા પ્રશાંત દીવાને વાર્તા કથનમાં બીજો ક્રમ પ્રાપ્ત કરી સર્ટિફિકેટ અને ટ્રોફી મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. શાળા પરિવાર તરફથી તેમને અભિનંદન આપવામાં આવ્યા હતાં.

### ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટની શાળાનો કબડ્ડીમાં ઉત્કૃષ્ટ દેખાવ



ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ.મા. વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં ધો-12 નો પૂજન રાજેશકુમાર પટેલ SGFI-2026 સ્કૂલ ગેમ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની U-19(ભાઈઓ)માં કબડ્ડી સ્પર્ધામાં રાજયકક્ષાએ પસંદગી પામેલ છે. જેનું આયોજન અગ્રવાલ વિદ્યાલય ડિંડોલી ખાતે થયેલ હતું. એમની આ ઉજ્જવળ સિદ્ધી બદલ શાળાના પ્રમુખ પી. બી. પટેલ, મંત્રી કે. એન. પટેલ શિ.સ. કન્વીનર ચેલાભાઈ એસ. પટેલ અને સમગ્ર ટ્રસ્ટીઓ, હદ્દેદારઓ તથા આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષકગણ તથા શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

### શ્રી રુકમામ્બા નૃત્યાલયાનું પ્રથમ ભરતનાટ્યમ્ આરંગેત્રમ્



તા. ૦૯-૦૮-૨૦૨૬ ના રોજ ‘સંજીવ કુમાર ઓડિટોરિયમ’ ખાતે આરંગેત્રમ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. માત્ર ૧૧ વર્ષની વયે વિદ્યાર્થીની ‘ક્યારા આર. સાલેચા’ એ પોતાની નૃત્ય સાધના નું સુંદર અને પ્રભાવશાળી પ્રસ્તુતિ દ્વારા પ્રદર્શન કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ નું માર્ગદર્શન તથા તાલીમ ‘કલાગુરુ હિરણ્યા દવે ઓઝા’ દ્વારા આપવામાં આવ્યું હતું. ક્યારા મૂળ અમેરિકા માં રહે છે. અને તેણે એ સમગ્ર ભરતનાટયમ તાલીમ ‘ઓનલાઇન માધ્યમ’ થી પ્રાપ્ત કરી છે.

### ટીએમ પટેલ ઇન્ટરનેશનલમાં પ્રેમ, જ્ઞાન અને ભક્તિનો ઉત્સવ!




સુરત : ટી. એમ. પટેલ ઇન્ટરનેશનલ સ્કૂલે જન્માષ્ટમીની ઉજવણી અપાર આનંદ, ભક્તિ અને ઉત્સાહભેર કરવામાં આવી હતી. આ ઉજવણીની શરૂઆત ભગવદ્ ગીતાના મધુર શ્લોકો, જીવંત સાંસ્કૃતિક કાર્યક્રમો, કૃષ્ણની દિવ્ય ધૂનો અને એક મનમોહક નાટકથી થઈ, જેણે ભગવાન કૃષ્ણના કાલાતીત ઉપદેશોને જીવંત કર્યા હતાં. ઉત્સવનો ભવ્ય સમાપન આનંદમય જન્માષ્ટમી શોભાયાત્રા, જય કનૈયા આરતી અને સૌની આતુરતાથી રાહ જોવાતી મટકી ફોડ સાથે થયો, જેણે શાળાને હાસ્ય, ઉર્જા અને એકતાની ભાવનાથી ભરી દીધી હતી.

## સુરત લોક અદાલતમાં રાજ્યમાં સૌથી વધુ કેસનો નિકાલ

**૨૦** વર્ષથી વધુ જૂના ૩૨ કેસ અને ૧૦ વર્ષથી વધુ જૂના ૭૨ કેસનો સફળતાપૂર્વક નિકાલ

સુરતઃ નેશનલ લીગલ સર્વિસિસ ઓથોરિટી (NALSA), સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ સુરત જિલ્લાની તમામ અદાલતોમાં આજરોજ ‘રાષ્ટ્રીય લોક અદાલત’નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં સુરત જિલ્લો સતત છઠ્ઠી વખત સમગ્ર રાજ્યમાં સૌથી વધુ સમાધાનકારી કેસોનો નિકાલ કરીને પ્રથમ ક્રમાંકે રહ્યો છે.

આ લોક અદાલતમાં ૨૦ વર્ષથી વધુ જૂના ૩૨ કેસો અને ૧૦ વર્ષથી વધુ જૂના ૭૨ કેસોનો સફળતાપૂર્વક નિકાલ કરવામાં આવ્યો હતો.વૈવાહિક તકરારના ૧૨૬૨ કૌટુંબિક/ લગ્ન સંબંધિત કેસોમાં સુખદ સમાધાન કરાવી પતિ-પત્નીના સંબંધોનું પુન:સ્થાપન કરાયું હતું. કુલ ૨૪૮ સીવીલ કેસોનો અંત આવ્યો હતો.જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, સુરતના અધ્યક્ષ અને મુખ્ય જિલ્લા ન્યાયાધીશ રાહુલ ત્રિવેદીના માર્ગદર્શન હેઠળ વકીલો, બાર એસોસિએશનો અને પક્ષકારો સાથે વિવિધ બેઠકો યોજી વ્યાપક કન્સિલિએશન (સમાધાન) પ્રક્રિયા કરવામાં આવી હતી. જેને કારણે સફળતા મળી હતી.સુરત જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના સચિવ અને સિનિયર સિવિલ જજ આર.એલ. ગુપ્તાના જણાવ્યા અનુસાર, પક્ષકારો, સરકારી વકીલો, નાણાકીય સંસ્થાઓ, DGVCL અને બાર એસોસિએશનોના સહયોગથી પક્ષકારોને ઝડપી, સસ્તો અને ત્વરિત ન્યાય મળી શક્યો છે. ભવિષ્યમાં પણ આવી વૈકલ્પિક વિવાદ નિવારણ પદ્ધતિઓ સતત ચાલુ રખાશે.

### મોટર વાહન અકસ્માત વળતર કેસો

મોટર વાહન અકસ્માત વળતર કેસોમાં કુલ ૧૭૨ કેસોમાં સમાધાન થયું. સુરત મુખ્ય મથકે એક કેસમાં રૂ. ૮૦ લાખ અને બીજા કેસમાં રૂ. ૭૫ લાખમાં સમાધાન થયું. આ સિવાય ૬ અન્ય કેસોમાં રૂ. ૫૦ લાખથી વધુનું વળતર ચૂકવાયું હતું.

### ચેક રિટર્નના કેસો

સુરત જિલ્લામાં ચેક રિટર્નના કુલ ૩૦૬૭ કેસોમાં સમાધાન થયું. જે પૈકી એક કેસમાં રૂ. ૫૫ લાખ, બીજામાં રૂ. ૫૦ લાખ અને ૪ અન્ય કેસોમાં રૂ. ૩૦ લાખથી વધુનું રકમનું સમાધાન નોંધાયું હતું.

### ૧૨ વર્ષ જૂના ભાઈઓ વચ્ચેના મિલકત વિવાદનો સમાધાનથી અંત

સુરતઃ ૧૦ વર્ષથી ચાલી રહેલા ભાઈ-બહેન વચ્ચેના મિલકત વિવાદમાં સુમેળ સાધી પારિવારિક સંબંધોનું પુન:સ્થાપન કરાયું.

## સિગ્નલ પર ભીખ માંગતા ભિક્ષુકોને પકડી લોક અદાલત સમયે કોર્ટમાં રજૂ કરાયા

**19** મહિલા સહિત 40 ભિક્ષુકને સમાજ સુરક્ષા વિભાગની ટીમે લાવતાં કોર્ટ સંકુલમાં કુતૂહલ સર્જાયું



સુરતઃ શહેરના વિવિધ ટ્રાફિક સિગ્નલો આસપાસ ભીખ માંગતા લોકો સામે કાર્યવાહી હાથ ધરી સમાજ સુરક્ષા વિભાગના ભિક્ષુક સ્વીકાર ગૃહની ટીમે ૧૯ મહિલા સહિત કુલ ૪૦ ભિક્ષુકોને ઝડપી પાડ્યા હતા. ભિક્ષુક સ્વીકાર ગૃહનાં એટેન્ડર ચંદ્રદીપ ચૌધરીના જણાવ્યા મુજબ વિભાગનું મુખ્ય કાર્ય ભિક્ષુક કાયદાનો અમલ કરાવવા સાથે ભિક્ષુકોના પુન:સ્થાપન અને તેમને રોજગારી તરફ વાળવાનું છે. ઝડપાયેલા તમામ ૪૦ ભિક્ષુકોને શનિવારે લોક અદાલતના દિવસે કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. કોર્ટ સમક્ષ કાર્યવાહી બાદ હાલની સ્થિતિમાં ચેતવણી આપી તેમને છોડી મૂકવામાં આવી શકે છે. જોકે, ફરી વખત ભીખ માંગતા ઝડપાય તો કાયદા મુજબ ભિક્ષુક ગૃહમાં એક વર્ષ સુધી રાખવાનો આદેશ પણ થઈ શકે છે. વિભાગનો હેતુ માત્ર કાર્યવાહી કરવાનો નહીં પરંતુ ભિક્ષુકોને પુન:સ્થાપિત કરી રોજગારી સાથે જોડવાનો હોવાનું જણાવાયું છે. એકસાથે મોટી સંખ્યામાં ભિક્ષુકોને કોર્ટ સંકુલમાં લાવવામાં આવતા તેમની લાંબી લાઇન જોવા મળી હતી, જેના કારણે લોક અદાલતમાં વિવિધ કામે આવેલા લોકોમાં પણ કુતૂહલ સર્જાયું હતું.

## સુરતમાં ટેમ્પરરી સ્ટ્રક્ચર્સનો સઘન સરવે શરૂ કરાશે

સુરતઃ શહેરમાં દરેક ઝોન કક્ષાએ ઓપન પ્લોટમાં કાયદાકીય મંજૂરી વિના કે નિયમોને નેવે મૂકીને બિલાડીના ટોપની જેમ ફૂટી નીકળેલા ફૂડ કોર્ટ, ગોડાઉન અને વિવિધ કોમર્શિયલ હેતુ માટેના ટેમ્પરરી સ્ટ્રક્ચર્સ મનપાના આકારણી ચોપડે નોંધાયેલા જ ન હોવાથી મનપાને દર વર્ષે કરોડો રૂપિયાનું મસમોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવી રહ્યો છે. આ સમગ્ર મામલે સ્થિતિને ગંભીરતાથી લેતાં ડેપ્યુટી કમિશનર નિધિ સિવાચે શહેરના તમામ ઝોનના આસિસ્ટન્ટ મ્યુનિસિપલ કમિશનરો સાથે એક બેઠક યોજીને આકરા આદેશો જારી કર્યા હતા. ડેપ્યુટી કમિશનરે તમામ એએમસીને સ્પષ્ટ તાકીદ કરી છે કે, માત્ર સાત જ દિવસની આકરી સમયમર્યાદામાં પોતાના ઝોન હેઠળ આવતા તમામ નાના-મોટા ટેમ્પરરી સ્ટ્રક્ચર્સનો સઘન સરવે પૂર્ણ કરવામાં આવે.

## સુરતમાં રાત્રે એક કલાકમાં એક ઈંચ વરસાદ પડી ગયો

**ડીકેએમથી** નીકળતી આગમન યાત્રા મોકૂફ રહી

**તિવ્રતાથી** પડેલા વરસાદ સામે ડ્રેનેજની ક્ષમતા ઓછી પડતાં પાણીનો ભરાવો

**ફ્લડ** કંટ્રોલ રૂમે મોડી 40 કિમી ઝડપે પવનની આગાહી કરી



સુરત : સુરતમાં આખો દિવસ વાદળછાયું વાતાવરણ રહ્યા બાદ મોડી રાત્રે મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી હતી. શહેરના કતારગામ, રાંદેર, વરાછા અને સેન્ટ્રલ ઝોન સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. માત્ર એક કલાકમાં એક ઈંચ જેટલો વરસાદ ખાબકતા અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર પાણી ભરાઈ ગયા હતા. અચાનક પડેલા ભારે વરસાદને કારણે વાહનચાલકો અને રાહદારીઓને પણ હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. જોકે ફરીથી એક વાત આંખે ઉડીને વળગે તેવી હતી. જેટલી તિવ્રતાથી વરસાદ પડ્યો તેટલી વહન ક્ષમતા સુરતની ગટરોની નહીં હોવાથી સામાન્ય વરસાદમાં પણ અનેક વિસ્તારમાં પાણી ભરાતાં લોકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ‘ગુજરાતમિત્ર’ દ્વારા મોડી રાત્રે એક વાગ્યે ફ્લડ કંટ્રોલનો સંપર્ક કરવામાં આવતા રાત્રિ દરમિયાન 40 કિમી ઝડપે પવન ફૂંકાવાની આગાહી વ્યક્ત કરવામાં આવી હતી.

## સારોલી આગકાંડમાં ક્રાઈમ બ્રાંચની એન્ટ્રી

**વીમો** પકવવા આગ લગાવાઈ કે જૂના સ્ટાફની અદાવત?

**સ્પ્લેન્ડર** સવાર શંકાસ્પદની કડોદરા સુધી કડી મળી

**આરોપીને** ઝડપી પાડવા ૬ સ્પેશિયલ ટીમો દોડતી થઈ

સુરતઃ સારોલી સ્થિત શ્યામ સંગીની ટેક્સટાઇલ માર્કેટના છઠ્ઠા માળે આવેલી દુકાનોમાં લાગેલી આગના બનાવની તપાસમાં હવે સુરત ક્રાઈમ બ્રાંચની પણ એન્ટ્રી થઈ છે. સારોલી પોલીસ અને ક્રાઈમ બ્રાંચે સંયુક્ત રીતે તપાસ તેજ કરતાં અત્યાર સુધીમાં ૨૫૦થી વધુ CCTV કેમેરાનાં ફૂટેજ ચકાસવામાં આવ્યાં છે. CCTV તપાસ દરમિયાન એક સ્પ્લેન્ડર બાઈક પર સવાર શંકાસ્પદ શખ્સની હિલચાલ પોલીસના હાથે લાગી હોવાનું જાણવા મળ્યું છે. બનાવ બાદ આ શખ્સ કડોદરા તરફ ગયો હોવાની કડી મળતાં તપાસ એ દિશામાં પણ લંબાવવામાં આવી છે. આગકાંડ પાછળનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ એજન્સીઓ મુખ્યત્વે બે થિયરી પર તપાસ આગળ ધપાવી રહી છે. એક તરફ અસરગ્રસ્ત વેપારીઓ દ્વારા લેવામાં આવેલી ઈન્સ્યોરન્સ પોલિસી અને સંભવિત ક્લેમની તપાસ થઈ રહી છે, જ્યારે બીજી તરફ છેલ્લા દોઢ વર્ષ દરમિયાન માર્કેટમાં કામ કરી ચૂકેલા કર્મચારીઓની જૂની અદાવત છે કે કેમ એ વિગતો પણ મેળવવામાં આવી રહી છે. આગમાં નુકસાન પામેલી દુકાનોના વેપારીઓએ કઈ-કઈ ઈન્સ્યોરન્સ પોલિસી લીધી હતી અને આગ બાદ કેટલા રૂપિયાના ક્લેમની પ્રક્રિયા શરૂ થઈ છે તેની વિગતો પોલીસ મેળવી રહી છે. આગ લગાડીને મોટો ઈન્સ્યોરન્સ ક્લેમ મેળવવાનો કોઈ પ્રયાસ થયો હતો કે કેમ તે દિશામાં પણ તપાસ ચાલી રહી છે. પોલીસ દ્વારા સંબંધિત ઈન્સ્યોરન્સ પોલિસી, ક્લેમની વિગતો તેમજ આગમાં થયેલા વાસ્તવિક નુકસાન વચ્ચે કોઈ વિસંગતતા છે કે કેમ તેની પણ ચકાસણી કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

### માર્કેટની રચનાથી વાકેફ હોવાની શંકા

તપાસ દરમિયાન સામે આવેલી હિલચાલના આધારે પોલીસનું ધ્યાન એ બાબત તરફ પણ ગયું છે કે આગ લગાવનાર શખ્સ માર્કેટમાં પ્રવેશ્યા બાદ છઠ્ઠા માળના પેસેજ સુધી સરળતાથી પહોંચ્યો હતો. જેના કારણે તે માર્કેટની આંતરિક રચના અને દુકાનોના લોકેશનથી અગાઉથી વાકેફ હતો કે કેમ તે મુદ્દો પણ તપાસવામાં આવી રહ્યો છે.

### ૬ સ્પેશિયલ ટીમ શંકાસ્પદની શોધમાં

શંકાસ્પદને ઝડપી પાડવા સારોલી પોલીસની ત્રણ અને ક્રાઇમ બ્રાંચની ત્રણ મળી કુલ છ સ્પેશિયલ ટીમ બનાવવામાં આવી છે. કડોદરા હાઇવે તરફના રૂટનાં CCTV ફૂટેજ સહિત અન્ય ટેક્નિકલ સર્વેલન્સની મદદ લેવામાં આવી રહી છે. સાથે જ હ્યુમન ઇન્ટેલિજન્સને સક્રિય કરી શંકાસ્પદની ઓળખ અને તેના સંભવિત ઠેકાણાં અંગે માહિતી મેળવવાની કવાયત તેજ કરવામાં આવી છે. હાલ પોલીસે CCTV ફૂટેજ, ઇન્સ્યોરન્સ ક્લેમ, કર્મચારીઓની હિસ્ટ્રી અને શંકાસ્પદની હિલચાલ સહિતનાં તમામ પાસાંને સાંકળી તપાસ આગળ ધપાવી છે. સાથે સાથે ફાયર, લિફ્ટ અને આરએમબી (સ્ટ્રક્ચર સ્ટેબિલિટી ચકાસનાર) સહિતની એજન્સીઓને બોલાવી અભિપ્રાય માંગ્યા છે.

## ‘ગ્લોબલ ગરબા ક્વીન’ પૂર્વા મંત્રીએ સુરતમાં માં અંબાના ચરણે શિશ ઝુકાવ્યું

**યશ્વી** ફાઉન્ડેશનના ફાઉન્ડર પરેશ ખંડેલવાલ અને સ્ટાફ સાથે મળી અંબિકા નિકેતન ખાતે મહાઆરતી કરી



સુરતઃ નવરાત્રિના રંગમાં રંગાવા આતુર સુરતના ગરબા રસિકો માટે આ વખતે પણ ખાસ આકર્ષણ જોવા મળશે. જાણીતા લોકપ્રિય ગાયિકા અને ‘ગ્લોબલ ગરબા ક્વીન’તરીકે જાણીતા પૂર્વા મંત્રી બે દિવસીય મુલાકાતે સુરત આવ્યા હતા. સુરત આગમન બાદ તેમણે અંબિકા નિકેતન મંદિર ખાતે જગતજનની માં અંબાના દર્શન કરી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. અંબિકા નિકેતન ખાતે પૂર્વા મંત્રીએ યશ્વી ફાઉન્ડેશનના ફાઉન્ડર પરેશ ખંડેલવાલ તથા સમગ્ર સ્ટાફ સાથે મળીને માં અંબાની ભાવપૂર્વક વિધિવત મહાઆરતી કરી હતી. આ પાવન પ્રસંગે તેમણે આગામી નવરાત્રિ મહોત્સવ માટે માં અંબાને ભાવભર્યું તેડું પાઠવી વિધિવત આમંત્રણ પણ આપ્યું હતું. પૂર્વા મંત્રીએ જણાવ્યું હતું કે, સુરતના ખેલૈયાઓનો ગરબા પ્રત્યેનો ઉત્સાહ હંમેશા અનોખો અને અદભુત રહ્યો છે. સુરતી ખેલૈયાઓની ઉર્જા અને ગરબાનો જુસ્સો તેમને હંમેશા પ્રેરણા આપે છે. આગામી નવરાત્રિમાં સુરતના ગરબા રસિકો માટે તેઓ નવા ટ્રેન્ડિંગ ગીતો, સુર-તાલ અને અખૂટ નવી ઉર્જા સાથે તૈયાર થઈને આવ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આ વખતે સુરતના ખેલૈયાઓને મન મૂકીને ગરબે ઘુમાવવા માટે તેઓ સંપૂર્ણપણે સજ્જ અને આતુર છે.

## નાનપુરામાં ગણપતિ આગમનની આતશબાજીથી લાકડાના મકાનમાં આગ

**પરિવારનો** આબાદ બચાવ, ફાયર ટીમ પહોંચે તે પહેલાં સ્થાનિકોએ આગ ઓલવી

સુરતઃ શહેરમાં ગણેશ આગમનના ઉત્સાહ વચ્ચે નાનપુરા જૂની પોસ્ટ ચોકી નજીક ગત રાત્રે આશરે 11 વાગ્યે આતશબાજીને કારણે મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. બાપ્પાની યાત્રા પસાર થઈ રહી હતી ત્યારે સળગતો ફટાકડો ઊડીને એક ગ્રાઉન્ડ પ્લસ બે માળના લાકડાના મકાનની બારીમાંથી સીધો અંદર જઈ પડ્યો હતો. મકાન લાકડાનું હોવાથી આગે તુરંત રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું અને ગાદલાં તથા વાસણો સહિતનો ઘરવખરીનો સામાન બળવા લાગ્યો હતો, જેના કારણે ઘરમાં હાજર પરિવારજનોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી.

આગની જાણ થતાં જ આસપાસના રહીશો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને પણ તાત્કાલિક જાણ કરવામાં આવી હતી. જોકે, ફાયર ટીમ સ્થળ પર પહોંચે તે પહેલાં જ સ્થાનિક લોકો અને પરિવારજનોએ ભારે સમસૂચકતા દર્શાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. આ ઘટનામાં ઘરવખરીને આર્થિક નુકસાન પહોંચ્યું છે, પરંતુ સમયસર આગ ઓલવાઈ જતાં મોટી હોનારત ટળી હતી અને ઘરમાં રહેલા તમામ સભ્યોનો આબાદ બચાવ થતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.